# લીલા
# કૈવલ્ય વાહિની

## પરમેશ્વરની બહુ-લીલા



ભગવાન શ્રી સત્ય સાઈબાબા

# આમુખ

વેદો પરમાત્માના શ્વાસમાંથી ઉત્પન્ન થયા છે, પ્રત્યેક અક્ષર પવિત્ર છે. પ્રત્યેક શબ્દ એક મંત્ર છે. તે સર્વ જનોને એકજ પવિત્ર અભિલાષા પાછળ મંડી રહેવાનો ઉપદેશ આપે છે. બધાંજ હ્રદયો એકજ ઉમદા આ વેગથી ચેતનવંતા થઇ જવાં જોઇએ. સર્વે વિચારો પવિત્ર - લક્ષ્ય પ્રતિ લઇ જાય એવા ઉમદા ઉદ્દેશ્યથી પ્રેરિત થયેલા હોવા જોઇએ. સર્વે જનોએ "સત્ય" ના એકજ માર્ગે પ્રયાણ કરવું જોઇએ કારણકે બધા "એક" ના જ અવિષ્કાર પામેલાં સ્વરૂપો છે.

જગત દેખાવમાં લલચાવે એવું હોવાથી સંમોહન પેદા કરે છે, જો કે એ બધું મૂળભૂત રીતે અસત્ય છે. એ એવી દ્રશ્ય - ઘટના છે જે ધરે ધીરે લુપ્ત થઇ જાય છે. આ સત્ય જયારે સમજાઇ જાય છે. ત્યારે વ્યક્તિ ઇશ્વરની "બ્રહ્મ-લીલા" અને શાશ્વત વૈશ્વિક અસ્તિત્વ અથવા અનાદિ અને અનંત પરમાત્મા વિષે જાણકારી મેળવી લે છે.

"લીલા-કૈવલ્ય વાહિની"(મૂળ સનાતન-સારથિ માસિકમાં પ્રગટ થયેલી) એ ભગવાન શ્રી સત્ય સાઇ બાબાની દિવ્ય - લેખિની માંથી વહેતું સ્ફટિક નિર્મળ અને શીતલ ઝરણું છે. એ ઝરણાનાં નિર્મળ જળમાં સાધકોનાં બધાજ અવરોધ જેવા કે શંકાઓ અને જડ - મતાગ્રહો અહેતુક દલીલો અને હલકી કલ્પનાઓ ઓગળી જાય છે.

આ માસિકમાનાં આ લખાણો પુસ્તક - સ્વરૂપો પ્રગટ થયા અને સ્વામીના ૭૫માં જન્મ-દિનના શુભ અવસરે એમના ચરણકમલમાં અર્પિત થયાં. એને અમે સ્વામીની ઉદારતા અને કૃપાની નિશાની ગણીએ છીએ. વધુમાં એ જ અવસરે, સ્વામીએ પોતાના દૈવી અવતાર હોવાની જાહેરાત કરી તેનાં ૫૦ વર્ષ પૂરાં થાય છે.

આ માહિતી સર્વે જિજ્ઞાસુઓને આધ્યાત્મિક પ્રગતિને માર્ગે દોરી જાય અને આપણને સર્વેને પરમાનંદથી સભર ભરી દે એવી અમારી શુભ કામનાઓ.

# પરમેશ્વરની બ્રહ્મ-લીલાનો પ્રવાહ

પૂજા, ભજન અને ધ્યાન જેવી આધ્યાત્મિક પ્રવૃતિઓ ઉચ્ચ કક્ષાની શક્તિઓ પ્રત્યેકની ભક્તિ થકી પ્રેરિત થયેલ હોય છે. આ આધ્યાત્મિક પ્રવૃતિઓ વ્યક્તિને કેટલી ઉંચાઇએ કે ગહરાઇમાં લઇ જાય છે. તે વિષે અજાણ લોકોએ તેની અસરકારકતા વિષે વિવાદમાં પડવું ન જોઇએ. એવી પ્રવૃતિઓનો લાભ કે એને અંગેનો ન્યાયપૂર્ણ અભિપ્રાય માત્ર વાસ્તવિક વ્યવહારમાં એના અમલ દ્વારા જ શક્ય બને. એષણા બે રીતે જાગે છે. ક્યાં તો મૂળભૂત સિદ્ધાંતો અંગેની એની પોતાની શોધમાંથી અથવા તો એને એવો આનંદ જોઇતો હોય છે કદી ખૂટેજ નહીં. માત્ર ઇચ્છા કરવાથી સફળતા મળી ન શકે, સાધના શરૂ કરવી પડે પરંતુ સાધનાની પ્રક્રિયા શરૂ કરતાં પહેલા તેણે પોતાની જાતને તપાસવી પડે અને પોતાની અભિલાષાઓ અને વલણોનું વિગતવાર અને ઊંડાણ પૂર્વકનું મૂલ્યાંકન કરવું પડે. કારણકે જિજ્ઞાસુઓને આ બાબતમાં માર્ગદર્શન આપવાનો દાવો કરનારા હાલના ધર્મો યુવાનોમાં વિશ્વાસ પેદા કરી શકતા નથી. તેઓને લાગે છે કે એમાંના કેટલાક તો જે કાળમાં એ ધર્મો શરૂ થયા હતા તે વેળાની પરિસ્થિતિ દ્વારા જ માત્ર ઘડાય છે. ઘણા તો જુના પુરાણા થઇ ગયા છે. કેટલાક ધર્મો તો ખાસ રાજ્યો કે વિસ્તાર પૂરતા જ છે. કેટલાક તો પરદેશીઓ દ્વારા જ લાદવામાં આવ્યા છે અને આકાર પામ્યા છે. કેટલાક યુવાનો એને અભદ્ર અને નુકસાનકારક ગણે છે. ઉચ્ચ કક્ષાનું જીવન જીવવા માટેની આકાંક્ષા સેવનારા યુવાનોને એવું લાગે છે કે જો તેઓ એવા ધર્મનું આચરણ શરૂ કરશે તો તેમની મજાક ઉડાવવામાં આવશે. પરિણામે તેઓ વાતોજ વાતો કરતા રહે છે. અને સેંકડો પુસ્તકોનાં હજારો પાનાં ફેરવતા રહે છે. આટલા બધા ધર્મોમાંથી એક પણ ધર્મમાં સૂચવેલ સાધનાનું પહેલું ડગલું પણ તેઓ ભરતા નથી. એવા આ ટીકાકરો અને વિસંવાદીઓ છે જેઓ પોતે જ ઉભા કરેલા ગૂંચવાડામાં પડીને આનંદ માણ્યા કરે છે.

લાખો પુસ્તકો વાંચીને ભેગી કરેલી પંડિતાઇ કરતાં "ધ્યાન" ની એક બેઠક દ્વારા મળેલું એક કણ (દાણા) જેટલું જ્ઞાન વધારે કિંમતી છે. જ્ઞાનનો એ એક જ ઝબકારો ભલે હળવો હોય તો પણ એ મૂલ્યવાન પ્રાપ્તિ ગણાય. વ્યક્તિગત સાધના અને જેને અંગે કોઈ વિવાદ ન હોઈ શકે, એવા અધિકૃત અનુભવોનું એ પરિણામ છે. જ્યારે વ્યક્તિ જ્ઞાનના આ કણને કેળવીને વિકસીત કરે છે, ત્યારે મતભેદ અને ટીકા અટકી જાય છે. ત્યારે બધી જ દલીલો પોતાની ચેતનામાં

નિમ્નસ્તર સાથેજ કરવાની રહે છે, જ્યાં સુધી સત્ય લાધે નહીં ત્યાં સુધી આધ્યાત્મિક સાધનાના આ માર્ગે જવા માટે વ્યક્તિમાં આત્મવિશ્વાસ હોવો આવશ્યક છે.

જે લોકો દુનિયાદારીની જવાબદારીઓ અને ચિન્તાઓના ભાર હેઠળ દબાઇ ગયા છે અને પોતાને અયોગ્ય પાત્ર તરીકે ગણીને યા તો ઉચ્ચ-શક્તિમાં શ્રદ્ધા ન હોવાને કારણે ઇશ્વરને ભજી શકતા નથી તેઓ માટે બે શબ્દો કહેવા જેવા છે :- આનંદથી પોતાનો સમય પસાર કરનારાઓની સંખ્યા અપાર છે. તમે પણ આનંદીજ હતા અને અત્યારે પણ છોજ પરંતુ જેમ વંશોના વંશો જતા રહ્યા તેમ દરેક વ્યક્તિએ પણ એક દિવસે જવાનું જ છે, એ તો નિર્માણ થયેલું જ છે. તેથી દરેક વ્યક્તિએ, આનંદ અને એનાથી પણ વધારે મૂલ્યવાન એવી મનની શાંતિ અને એક આદર્શ-નમૂનારૂપ જીવનની પ્રાપ્તિ માટે પ્રેરણા રાખવી જોઇએ. એટલું જ નહી એ મેળવવા માટેના પ્રત્યેક સાધનો અપનાવવા જોઇએ.

માનવી તરીકે જન્મ લીધા પછી વ્યક્તિએ પોતાની મનુષ્ય તરીકેની આગવી પ્રકૃતિની અવગણના કરવી ન જોઇએ. મનુષ્ય-લોકની અસર લાક્ષણિકતાઓ વ્યક્તિએ એક ક્ષણ માટે પણ વિસારે પાડવી ન જોઇએ. માણસે પોતાની જાતને પશુની કક્ષાના નીચલા સ્તરે કદીએ ઉતારવી ન જોઇએ, અને એથીએ વધુ ખરાબ ધૃણાસ્પદ એવી અસૂરોની (રાક્ષસો) ની કક્ષાએ પણ નહીં જ. મનુષ્યે મક્કમ નિર્ધાર કરવો જોઇએ કે એ પોતાની જાતને પતનની ઊંડી ખીણમાં કદીયે પડવા નહી દે. માત્ર આધ્યાત્મિક માર્ગ જ આવો નિર્ધાર જગાવી જશે અને નિભાવી શકે, માત્ર એ માર્ગ જ આવી ઉત્કંઠા જગાડીને એને વધુ મજબુત કરી શકે.

એક વાત પર ભાર મુકવાની જરૂર લાગે છે કે વ્યક્તિના રોજીંદા જીવનમાં ઉપસ્થિત થતા પ્રશ્નોને સફળતા પૂર્વક હલ કરવા માટે એની પાસે ન્યાય-વૃતિ, સદગુણો અને આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા ઉપરાંત બુદ્ધિ અને કુનેહ હોવી જરૂરી છે. પંખી માટે બે પાંખો અને ગાડા માટે જેમ બે પૈડાં જરૂરી છે તેમ માનવીની પ્રગતી માટે આ બંન્નેની પ્રાપ્તિ આવશ્યક છે. જગતનો અનુભવ લઈને અને જગતને સમજીને પછી જ સર્વોચ્ચ સ્તરે લઈ જનાર ઉમદા માર્ગની અગત્ય સમજાય છે.

મૂળભૂત રૂપે અસત્ય હોવા છતાં, જગતમાંની આ સૃષ્ટિ એનાં લલચાવનારા રૂપને લીધે સંમોહન કરે છે. આ ક્ષણભંગુર દ્રશ્યઘટના ધીમે ધીમે લુપ્ત થઇ જાય છે. જ્યારે વ્યક્તિને આ

સત્ય સમજાઇ જાય છે ત્યારે તે ઇશ્વરની આ બ્રહ્મ-લીલા અને પરમાત્મતત્વ વિષે સભાન થઇ જાય છે.

ધન ભેગું કરવાથી, દુન્યવી તાકાત મેળવવાથી કે જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કરવાથી ચેતનાની આ ભુમિકાએ પહોચી શકાતું નથી. પોતાની સર્વાંગી ચિત્તશુદ્ધિથી અને શોધ માટેની તીવ્ર ઉત્કંઠા થકી જ, એ ઉચી ભુમિકા પ્રાપ્ત થઇ શકે છે.

શંકા-કુશંકા, મતાગ્રહપણું, અર્થહીન વિવાદો અને ક્ષુલ્લક કલ્પનાઓ જેવા અવરોધો સ્વાભાવિક રીતે જ આવી શોધ દરમિયાન ઉપસ્થિત થવાના જ.

આવતા યુગાદિ (નૂતન-વર્ષ) પર્વથી શરૂ થનારી “લીલા કૈવલ્ય વાહિની" શિર્ષક હેઠળની આ લેખ માળા, આવા બધાજ અવરોધોને ઓગાળી નાખશે અને તેમને આનંદથી ભરી દેશે. આ લેખ માળા તમને આધ્યાત્મિક પ્રગતિને માર્ગે દોરી જશે. દરમિયાન દિવ્ય સંદેશની પ્રતિક્ષા કરો.

ॐ

# સાધક સાથેનો સાઈનો વાર્તાલાપ

**સાધક** : ભારતીય સંસ્કૃતિ માટે પ્રતિબંધ હોય એવા બધાજ જીવનના દરેક પાસા માટે વેદોનેજ મૂળ આધારરૂપે સ્વીકારે છે. તેઓ ભારપૂર્વક જણાવે છે કે તેમની શ્રધ્ધાના પાયામાં વેદોજ છે. તો આ વેદો ખરેખર શું કહે છે ? કયા કારણથી વેદોને આટલું બધુ મહત્વ અપાય છે ?

**સાઈ** : અરે ભલા ભાઇ ! ભારતમાં જન્મીને, પોતાને ભારતીય કહેવડાવવા છતાં તને વેદો શું છે તે ખબર નથી ? ઠીક. દિવ્ય જ્ઞાનની રાશિને "વેદ" નું નામ અપાયું છે. ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે - કાળમાંથી પસાર થવા છતાં જે ‘સત્ય' વિપરીત થતું નથી કે પરિવર્તન પામતું નથી તે ‘સત્ય' નું જ્ઞાન વેદો આપે છે. ત્રણે લોકનાં કલ્યાણ અને સુખની વેદો ખાત્રી આપે છે. માનવ-સમાજને શાન્તિ અને સલામતિ બક્ષે છે. વેદો ‘સત્ય' રજૂ કરતા શબ્દોનો સમુચ્ચય છે. જે ઋષિઓએ પોતાની જાગૃતિ-દિવ્ય ચેતનામાં આ જ્ઞાન ઝીલવાની ક્ષમતા પ્રાપ્ત કરી હતી તેઓની આર્ષ-દ્રષ્ટિથી ઝીલાયેલું સત્ય આ શબ્દો કે વાણીમાં છે. હકીકતમાં "શબ્દ" એ ઈશ્વરનો, પરમાત્માનો શ્વાસ જ છે. આ હકીકતમાં જ વેદોનું અનન્ય મહાત્મ્ય સમાયેલું છે.

**સાધક** : પરંતુ સાંસારિક જીવન-ક્ષેત્રે, માનવીના રોજીંદા ભૌતિક સ્તર પર, વેદોમાંથી કયા પ્રકાશની આશા રાખી શકાય ?

**સાઈ** : જગતમાંનો પ્રત્યેક જીવ પોતાની ઇચ્છા મુજબનું પ્રાપ્ત કરવા મહેનત કરે છે અને પોતાને અણગમતું ટાળે છે. જાણી લો કે આ બંન્ને પ્રયત્નોમાં સફળ થવા માટેની શીખ કે એ માટેનું જ્ઞાન વેદો આપે છે. અર્થાત શું કરવું અને શું ન કરવું જોઇએ એ અંગેના નિયમો વેદો આપે છે. શું કરવું જોઈએ એ માટેની ભલામણો અને શું ન કરવું જોઇએ એ માટેની પાબંદી મુજબનું વર્તન વ્યક્તિ કરે છે ત્યારે તે સારૂં પામી શકે છે અને બૂરૂં નિવારી શકે છે. ભૌતિક અને આધ્યાત્મિક આ લોક અને પરલોક બન્ને સાથે વેદો સંકળાયેલા છે. સાચું જ કહીએ તો સમગ્ર જીવન ભરેલું છે. વ્યક્તિએ એના આ-દેશોનું પાલન કરવું જ રહ્યું. વેદ શબ્દ મૂળ ધાતુ ‘વિદ્’ માંથી આવ્યો છે. જેનો અર્થ છે "જાણવું" એટલે બધાજ જ્ઞાનનો સમાવેશ વેદોમાં થઇ જાય છે. માનવીને જે જ્ઞાન મળ્યું છે તેનાથી જ એબીજા પ્રાણીઓથી જુદો તરી આવે છે. જ્ઞાનથી વંચિત માનવી પશુ જ છે.

**સાધક** : લોકો કહે છે, વેદો અસંખ્ય છે, અનંત છે. તો શું તે બધા જ જ્ઞાનના ભંડારરૂપ છે ?

**સાઈ** : "અનંતો વૈ વેદઃ" વેદો અનંત છે. પરંતુ એ ધ્યાનમાં રાખજો કે પ્રારંભકાળે તો માત્ર એકજ-વેદ હતો . પાછળથી એમાંથી ત્રણ અને પછી ચાર વેદો થયા.

**સાધક** : એકને અનેકમાં શા માટે વિભાજીત કરવામાં આવ્યા ? એનાથી કઈ ખાસ જરૂરિયાત સંતોષાઈ ?

**સાઈ** : વેદો વિશાળ અને અસીમ હોવાથી સામાન્ય-જનને માટે એનો અભ્યાસ મુશ્કેલ બન્યો હતો. વધુમાં એ અભ્યાસ પૂરો કરવામાં અનંત કાળ વીતી જાય એટલે એનો અભ્યાસ કરવા ઉત્સુક જનો ભયગ્રસ્ત થઈ ગયા. એટલે ખુબજ ઓછી સંખ્યામાં લોકો વેદાભ્યાસ માટે ઉત્કંઠા બતાવતા. આ બધા કારણોથી જેઓ અભ્યાસ કરવા ઉત્સુક હતા એ બધાની ક્ષમતાની મર્યાદા અનુસારનો અભ્યાસક્રમ ઘડવા માટે કંઈક તો કરવું જરૂરી જ. "ઋગ્" અથવા તો વેદોમાંનાં પ્રશંસા કે સ્તુતિના સ્તોત્રો બીજાઓથી અલગ તારવીને "ઋગ્સંહિતા" અને "યજુસંહિતા" નાં શીર્ષક હેઠળ ભેગાં કરવામાં આવ્યાં "સામ" નાં છંદો (જે સંગીત-ગાન માટેની ક્ષમતા ધરાવતા હતા) નો સમુચ્ચય "સામ-સંહિતા" શીર્ષક હેઠળ અને અથર્વ - મંત્રોને (સૂત્રો-મંત્રો) "અથર્વ - સંહિતા" શીર્ષક હેઠળ સંકલિત કરવામાં આવ્યા.

**સાધક** : આ ગ્રંથોમાં વહેચાયેલું આ સામૂહિકરણનું કાર્ય કઈ વ્યક્તિએ કર્યું ?

**સાઈ** : એ કાર્ય મહર્ષિ વ્યાસે કર્યું જેઓ પોતે નારાયણ (ભગવાન વિષ્ણુ) ના આંશિક અવતાર જ હતા. તેઓ પરાસર મુનિના પુત્ર હતા. તેમણે શાસ્ત્રો અને આધ્યાત્મિક મિમાંસાઓ આત્મસાત્ કર્યા હતા. તેઓ પોતે એક મહાન ઋષિ (મહર્ષિ) હતા, તેઓ અત્યંત કૌશલ્ય ભર્યો સમન્વય સાધી શકતા હતા. માનવજાતનાં કલ્યાણ અર્થે વેદોનું ચાર - ભાગમાં સંકલન કર્યું અને બધા માટે ધર્મપરાયણ જીવન જીવવાની સુવિધા કરી આપી. એમણે વેદોને ચાર ભાગમાં વિભાજીત કર્યા, પાંચ-સંહિતાઓની રચના કરી.

**સાધક** : આપે હમણાંજ સમજાવ્યું તે મુજબ ચાર - વેદો એ ચાર સંહિતાઓ જ છે. તો "પાંચમી" થી કયો હેતુ સિદ્ધ થાય છે ? એ વધારાની સંહિતા કેવી રીતે રચાઈ ?

**સાઈ** : "યજુસંહિતા"(યજુર્વેદ) બે ભાગમાં વહેંચાઇ ગઈ. "કૃષ્ણ-યજુર્વેદસંહિતા" અને "શુક્લ-યજુર્વેદસંહિતા" એટલે કુલ પાંચની સંખ્યા થઈ. આ પ્રક્રિયા અહીંથી અટકી નહીં. આ દરેક સંહિતાનાં વળી ત્રણ-ત્રણ પૂરક ઘટકો રચાયાં. ચેતનાની જાગૃતિના અને માનસિક-સભાનતાનાં જુદા જુદા સ્તરોએ રહેલા લોકોને જ્ઞાનનો પ્રકાશ પહોંચાડવા માટે, આ બધા શાસ્ત્ર - ગ્રંથોની રચના થઇ પ્રત્યેક વ્યકિતને માર્ગદર્શનનો લાભ મળે અને તે ભવ - સાગર (દુ:ખનો દરિયો) પાર કરી શકે, એ હેતુ હતો. એટલે જ, આ બધા ગ્રંથોમાંના એકેયમાં વિસંવાદિતાનો અણસાર સુદ્ધાં નથી.

**સાધક** : પેલા ત્રણ પૂરક-ગ્રંથો કયા છે ? અને કયાં નામોથી ઓળખાય છે ?

**સાઈ** : બ્રાહ્મણ-ગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદ-ગ્રંથો.

**સાધક** : બ્રાહ્મણ - ગ્રંથો શું છે ?

**સાઈ** : "બ્રાહ્મણ-ગ્રંથો" મંત્રો અને કર્મકાંડને લગતા સુત્રોની સમજુતિ આપતા ગ્રંથો છે. યજ્ઞની ક્રિયાઓ અને યજ્ઞો કરતી વખતે કરવાની વિધિઓ એમાં સ્પષ્ટ રીતે વર્ણવેલ છે. ઔતરેય - બ્રાહ્મણ, તૈતરીય બ્રાહ્મણ, સતપથ બ્રાહ્મણ અને ગોપથ બ્રાહ્મણ જેવા ઘણાં ગ્રંથો છે.

**સાધક** :- અને "આરણ્યકો" શું છે ?

**સાઈ** : તે ગદ્ય અને પદ્ય બંનેમાં છે. જેઓ બ્રહ્મચર્યાશ્રમ (આધ્યાત્મિક વિદ્યાઅભ્યાસનો ગાળો) અને "ગૃહસ્થાશ્રમ (કૌટુંબિક - જીવન) નો સમય-ગાળો પસાર કરીને "વાનપ્રસ્થાશ્રમ" (અરણ્યમાં એકાન્તવાસનું જીવન) નો સ્વીકાર કરવાનાં હોય, તેમનાં માર્ગદર્શન માટે છે. અરણ્ય એટલે વન અથવા જંગલ. એટલે કે એકાંતવાળી કુટિરોમાં રહીને શાન્તિથી અભ્યાસ અને મનન કરવા માટેનાં ગ્રંથો છે. વ્યસ્ત જીવનનાં છેલ્લા તબક્કાનાં (કર્મ - કાંડીય) એટલેકે સંપૂર્ણ-આધ્યાત્મિક તબક્કા (બ્રહ્મકાંડીય) ની આગળનાં, પ્રાથમિક-સોપાનનાં ગાળા દરમિયાનનાં કર્તવ્યો અને જવાબદારીઓ અંગેનું વિવરણ એમાં છે.

**સાધક** : સ્વામી કેટલાક ગ્રંથો માટે મેં "બ્રાહ્મ-કાંડ" શબ્દ વપરાતો સાંભળ્યો છે, એ શેને લગતો છે ?

**સાઈ** : એ ગ્રંથો યજ્ઞ - યાગદિનાં કર્મકાંડ અને વિધિઓ ઉપરાંત "સદવર્તન" નીતિ-નિયમો અંગેનાં છે. એમાં વિધિપૂર્વકના કર્મકાંડની ખાસ લાક્ષણિકતાઓ દર્શાવી છે અને નીતિ-શાસ્ત્રનાં ખાસ વિસ્તૃત વિધાનો છે.

**સાધક** :  અને સ્વામી !! આ ઉપનિષદો શું છે ?

**સાઈ** : - ઉપનિષદોના અભ્યાસમાં પ્રાવીણ્ય માત્ર વિવેકબુધ્ધિથી જ પ્રાપ્ત થઇ શકે અને ખરેખર, એવું પ્રાવીણ્ય પ્રાપ્ત કરવા - યોગ્ય એ ગ્રંથો છે. શાસ્ત્રોમાં મનુષ્યો માટે ચાર-પ્રકારનાં લક્ષ્ય-નિર્માણ કર્યાં છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. વિદ્યા અથવા જ્ઞાનનાં 'બે' પ્રકાર પાડી શકાય છે : "અપરા - વિદ્યા"(નિમ્ન - સ્તરની) અને  "પરા વિદ્યા" (ઉચ્ચ - સ્તરની). ચારે વેદો અને પૌરાણિક શાસ્ત્રોનો પૂર્વ - વિભાગ - વિદ્યા (પહેલાં ત્રણ લક્ષ્યો / પુરુષાર્થો) અંગેનો છે, જ્યારે એનો ઉત્તર - વિભાગ (વેદાંત) એટલે કે ઉપનિષદો "પરા-વિદ્યા" (છેલ્લું લક્ષ્ય - મોક્ષ) અંગે છે.

**સાધક** : પણ આ શબ્દ  "વેદાંત" ક્યાંથી ઉદભવ્યો ?

**સાઈ** : "વેદાંત" ઉપનિષદોને જ કહેવામાં આવે છે. વેદોનો માત્ર મુખપાઠ (ગોખી લેવું) કરવો એનો કંઇ જ અર્થ નથી. વેદાંત-જ્ઞાનને સમજવું, ગ્રહણ કરવું રહ્યું. વેદાંતમાં પ્રાવીણ્ય મેળવ્યા સિવાય "જ્ઞાન" પરિપૂર્ણ કદીયે ન થાય.

**સાધક** :- સ્વામી, ઘણીવાર વેદોને "શ્રુતિ" પણ કહેવામાં આવે છે, શા માટે ?

**સાઈ** : વેદોને તો ૯ નામો છે, એમાંનું શ્રુતિ તો એક માત્ર છે.

**સાધક** : એ "નવ" નામો કયાં કયાં છે ?

**સાઈ** :  શ્રુતિ, અનુશ્રવા, ત્રયી, આમ્નાય, નામામ્નાય, છાંદસ, સ્વાધ્યાય, આગમ, નિગમાગમ...

**સાધક** : આમાનું દરેક નામ કોઈ ખાસ લાક્ષણિકતા દર્શાવતું હશે. આ નામો કેવી રીતે આવ્યાં અને એમની લાક્ષણિકતાઓ શી છે, એ વિષે જાણવાની મારી ઇચ્છા છે. કૃપા કરી મને શીખવો.

**સાઈ** : જરૂર એ નામોનાં આંતરિક અર્થો છે. "શ્રુતિ" એટલે જ સાંભળ્યું છે તે. ગુરૂ વેદની ઋચાઓ ભણે છે, શિષ્ય સંપૂર્ણ એકાગ્રતાથી તે સાંભળીને, એવાજ સ્વર-ઉચ્ચાર સાથે એનું પુનરાવર્તન

કરી બતાવે છે. દરેક મંત્ર કે ઋચા શિષ્યને પૂરતા પ્રાવીણ્યથી બોલતાં ન આવડે ત્યાં સુધી એ પ્રક્રિયા ચાલુ રહે છે. એટલે જ, શ્રુતિ નામ યોગ્ય ઠરે છે. અનુશ્રવાનો પૂર્ણ અર્થ થાય છે એટલે કે "જે ક્રમ-વાર સાંભળ્યું છે તે". "ત્રયી" શબ્દ લઇએ. એનો અર્થ થાય છે 'ત્રણ પ્રારંભ કાળમાં વેદિક - શાસ્ત્રોનાં માત્ર ત્રણ જ સંકલિત ગ્રંથો હતા, ઋગવેદ, યજુર્વેદ અને સામવેદ. આ ત્રણ જ મહત્વનાં ગણાતા હતા. એટલે આ શબ્દ "ત્રયી" આવ્યો જે હજીયે ટકી રહ્યો છે.

"આમ્નાય" શબ્દ મૂળરૂપ "મ્ન" માંથી આવ્યો છે. "મ્ન" એટલે શીખવું વેદોનો અભ્યાસ સાતત્ય જાળવીને, સ્થિરતાથી કરવો પડતો હતો એટલે સામૂહિક રીતે એનું નામ "આમ્નાય" અને "નામામ્નાય " પણ પડ્યું.

"છાંદસ" એટલે કાવ્યનો છંદ, જે સામવેદની જેમ સંગીત બધ્ધ થઇ શકે. એટલે એ નામ વેદોને પણ લાગી ગયું.

"સ્વાધ્યાય" નામ પણ વેદો માટે વપરાતું હતું કારણકે વેદોનું જ્ઞાન પિતા તરફથી પુત્રને મળતું ગયું એમ વંશ વંશમાં વેદોનું જ્ઞાન પિતા તરફથી પુત્રને મળતું ગયું, એમ વંશ પછી વંશમાં શીખવવું અને શીખવું (સ્વાધ્યાય કરવો) એમ ચાલતું આવ્યું તેથી એ નામ પડ્યું. "આગમ" એટલે જે આવ્યું છે તે ઉદભવ્યું છે તે "નિગમાગમ" એ પણ એજ શબ્દનું વિસ્તરીકરણ છે. વેદો પરમાત્માના શ્વાસમાંથી ઉદભવ્યા છે, એટલે પ્રત્યેક શબ્દ - માત્ર પવિત્ર છે. દરેક શબ્દ "મંત્ર" છે. વેદો બધા મંત્રો જ છે.

**સાધક** : મંત્ર ? મંત્ર એટલે શું ?

**સાઈ** : "મંત્ર" એ નિશ્ચિત કરેલા લક્ષ્ય ઉપર પ્રકાશ પાડે છે એટલે મંત્ર રચના છે જે મનન પ્રેરે છે અને એમાં વૃદ્ધિ કરે છે અથવા મન દ્વારા જાંચ - તપાસ કરાવે છે. "મં" અક્ષર જાંચ-તપાસની પ્રક્રિયા દર્શાવે છે અને "ત્ર" તારીને પાર લઇ જવાની શક્તિ, મુક્ત થવાની, ઉગારી લેવાની શક્તિ દર્શાવે છે. ટૂંકમાં મંત્ર એટલે જેની ઉપર "મનન" કરવાથી ઉગારી લે છે તે જયારે વિધિ યાતો કર્મકાંડ દ્વારા યજ્ઞ - યાગ થતા હોય ત્યારે વિધિ કરાવનારે તેનાં પ્રકાર અને મહાત્મ્ય અંગે સતત જાગૃત રહેવું જોઇએ. આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જે સૂત્ર એણે બોલ્યાજ કરવું પડે તેને "મંત્ર" કહે છે. પરંતુ આજે જેઓ આવી વિધિઓ કરે છે તેઓ યાંત્રિક રીતે પઠન કરતા હોય છે અથવા તો જીભ માત્ર ગણગણતી હોય છે. તેઓ મંત્રના અર્થ ઉપર ધ્યાન આપતા નથી. મંત્રોને જ્યારે "અષ્ટમ્ - પષ્ટમ્" (અગડં - બગડં) રીતે બોલવામાં આવે છે. ત્યારે એનું કોઇજ ફળ મળતું નથી

વ્યક્તિ જયારે મંત્રનાં અર્થના પૂરા જ્ઞાન અને એના મહાત્મ્યની સમજ રાખીને એનું પઠન કરે છે, ત્યારે એનું પૂરેપુરું ફળ મેળવી શકે છે. દરેક વેદની ઘણી શાખાઓ છે અને વૈદિક પંડિતે પ્રત્યેક શાખાની પૂર્ણ દિશા અને હેતુ અંગે પણ જ્ઞાન ધરાવવું જોઇએ.

**સાધક** :- શાખા શું છે ?

**સાઈ** : શાખા એટલે અંગ, મૂળ વેદમાંથી લીધેલું ઉધ્ધરણ છે. વૃક્ષને શાખાઓ હોય છે, દરેક શાખાને ઉપશાખાઓ કે ડાળખીઓ અને પાંદડાંના ઝુમખાં હોય છે. જ્યારે આ બધાયનો ભેગો ખ્યાલ બાંધીને તો વૃક્ષ ઉભું થાય છે. દરેક વેદને કેટલીયે મુખ્ય-શાખાઓ અને કેટલીયે ઉપશાખાઓ છે, એ બધીજ હજી પ્રકાશમાં આવી નથી. માત્ર થોડીજ શાખાઓ ઓળખી શકાઈ છે અને તેનો અભ્યાસ થયો છે. જે શાખાઓ ભૂલાઈ ગઈ છે કે અભ્યાસમાંથી બાકાત થઈ ગઈ છે એની સંખ્યા પણ હજારોમાં છે, એ બધીના તો નામો પણ અદ્રશ્ય ગઇ ગયાં છે. એને કોઈજ યાદ કરી શકે એમ નથી આ જ કારણથી શાસ્ત્રો કહે છે, "વેદો અનંત છે" (અનંતો વૈ વેદઃ). પરિણામે દરેક મહાન સંતો અને ઋષિઓએ, કોઈ એક કે વધારે વેદોમાંથી પોતાના અભ્યાસ અને વિધિ કે આચરણ માટે માત્ર થોડીજ શાખાઓ અપનાવી હતી.

**સાધક** : ઋગ્વેદ શું છે ? એને એવું નામ કેવી રીતે મળ્યું ?

**સાઈ** :- ઋગ્વેદ એ પરમાત્માની સ્તુતિ માટેના મંત્રો અને સ્તોત્રોનો સમુચ્ચય છે. ઋગ્વેદ નામ જે દેવતાઓની સ્તુતિ કરવામાં આવી હોય તેમને લાગુ કરી શકાય છે ?

**સાધક** : આ વેદમાં કયા દેવતાની સ્તુતિ કે એમનો મહિમા, સૌથી વધારે ગવાયો છે ?

**સાઈ** : એમાં ઘણા દેવતાઓની, સ્તુતિ છે. પરંતુ એમાંથી તેત્રીસ અગત્યના દેવતાઓનો ઉલ્લેખ ઋગ્વેદમાં છે.

**સાધક** : આ બધા દેવતાઓ માનવ સ્વરૂપે છે કે એમના કોઈ ખાસ આગવા સ્વરૂપો છે ?

**સાઈ** : તેઓના સ્વરૂપો માનવી જેવાં જ છે.

**સાધક** : એમનાં સ્વરૂપો ખ્યાલ આપવા વિનંતિ છે એમાંના જાણકારી આપશો.

**સાઈ** : સૂર્ય, સૂર્ય-દેવતા એમનાં કિરણો એમના બાહુઓ છે. અગ્નિ દેવતા જ્વાળાઓ એમની જીહ્વા છે એમનું ચિત્રણ કંઈક આ પ્રમાણે કરવામાં આવ્યું છે.

"અગ્નિ", દેવતાનો જન્મ સુકું કઠણ લાકડું (અરણી) ગોળ વલોવવામાં આવે છે, ત્યારે થાય છે. અગ્નિને મા-બાપ છે, પરંતુ એનો જન્મ થતાંની સાથે જ એ પોતાની માં અને બાપને ખાઈ જાય છે એટલે કે લાકડાનાં જે બે ટુંકડાના સંઘર્ષણમાંથી તણખો ખર્યો તે બે અગ્નિથી નાશ પામે છે. અગ્નિને દશ દાસીઓ હોવાનું કહેવાય છે, એ દાસીઓ દશ આંગળીઓ છે જે અરણીને પકડે છે અને ગોળ ઘુમાવે છે. જેટલી વાર અરણીને વિધિસર ગોળ ઘુમાવવામાં આવે છે, એટલી વાર અગ્નિ પેદા થાય છે, એટલેજ અગ્નિને "બહુજન્મા" (વારંવાર જન્મનારો) નામ મળ્યું છે. ધૂમાડાની (ધૂમ) શેર અગ્નિની હાજરી દર્શાવે છે, એ જાણે કે એનો ધ્વજ (કેતુ) છે તેથી અગ્નિનું બીજું નામ "ધૂમકેતુ" પણ છે, જે નામે એમનું આવાહ્ન કરવામાં આવે છે.

અગ્નિને યજ્ઞ સારથિ પણ કહે છે / યજ્ઞ માટેનાં રથનો સારથિ કારણ કે અગ્નિકુંડમાં જે જે દેવતાઓને આહુતિ અર્પણ કરાય છે તે બધા દેવતાઓને અગ્નિ આ રથમાં બેસાડીને યજ્ઞ-સ્થાને લાવે છે. જે દેવતાઓને આહુતિ અર્પણ કરાય છે તે અર્પણ અગ્નિ દ્વારા એમને પહોંચે છે. દરેક યજ્ઞમાં અગ્નિ જ સૌથી અગત્યનો ભાગ ભજવે છે. ઋત્વિક (પૂજારી), હોતા (સ્તુતિ ગાન કરનાર), પુરોહિત (વિધિ કરનાર) અને બ્રહ્મા (કર્મકાંડ ઉપર દેખરેખ રાખનાર) એમ ચારેય દેવતાઓ વતી તેમનું પાત્ર અગ્નિ જ ભજવે છે એટલે એ માટે પણ અગ્નિની સ્તુતિ/ પ્રશંસા કરવામાં આવે છે. અગ્નિ મનુષ્યનો નિકટનો મિત્ર છે. કારણકે અગ્નિ વિના એ ભાગ્યેજ જીવન વિતાવી શકે. માનવીની શરીરની અંદરની અને બહારની બધીજ પ્રવૃત્તિઓનાં પાયામાં અગ્નિનો જ સિદ્ધાંત રહેલો છે. એટલે અગ્નિને ગૃહપતિ (ઘરના માલિક) તરીકે પણ સંબોધવામાં આવે છે. અગ્નિને પોતાની કોઈ જ પસંદગી નથી કે પોતાનો કોઇ જ પૂર્વગ્રહ નથી. અગ્નિ બધાંજ પ્રાણીમાત્રને, બધીજ જાતિઓને કે જ્ઞાતિઓને, કોઈ પણ ભેદભાવ વિના સરખાંજ ગણે છે એટલે એને સમમિત્ર (એકજ સરખા મિત્ર) તરીકે પણ સંબોધન થાય છે.

**સાધક** : ઋગવેદનો મુખ્ય - ઉપદેશ શો છે ?

**સાઈ** : ઋગ્વેદ "સંપ" નો પાઠ શીખવે છે. બધાજ મનુષ્યોને તે એક સરખી જ, પવિત્ર ઇચ્છાઓ રાખવાનો બોધ આપે છે. બધાજ હ્રદયોમાં એકજ સરખી સારી અપેક્ષા પ્રજ્વલિત થવી જોઈએ, બધાજ વિચારો ઉમદા લક્ષ્ય તરફ લઇ જતા, શુદ્ધ ઈરાદાઓ વડેજ દોરવાતા હોવા જોઇએ. બધાજ

મનુષ્યોએ "સત્ય" ને "એકજ" માર્ગે ચાલવું જોઇએ કારણકે બધા એકજ પરમાત્માના પ્રગટ - સ્વરૂપો છે.

આજે લોકો માને છે કે માનવ-જાતની એકતાનો પાઠ તદ્દન નવોજ છે અને એ દિશામાં પ્રગતિ કરવાનો વિચાર, ખૂબ જ પ્રશંસાને પાત્ર છે. પરંતુ, માનવ વંશની એકતાનો વિચાર સહેજે નવો નથી. ઋગ્વેદનાં કાળમાં, આ જમાના કરતાં પણ વધારે સ્પષ્ટતાથી અને ભારપૂર્વક આ વિચાર જાહેર થયો જ હતો. એકતા (એકાત્મતા) એ ઋગ્વેદનો સર્વશ્રેષ્ઠ આદર્શ છે.

બધાંજ ઇશ્વરના અંગો છે, બધાંમાં એની જ શક્તિ, એની જ ઊર્જા છે. દરેકની અંદર રહેલ વાસ્તવિકતા (હકીકત) રૂપ "આત્મા" એ સાચા અર્થમાં તો એકની જ અભિવ્યક્તિ છે જેણે અનેક રૂપો ધારણ કર્યા છે. વેદોનો આદેશ છે કે કોઈપણ પ્રકારનો ભેદભાવ કે ભિન્નતાનું અંતર લાદવું ન જોઇએ. માનવીમાં આજે આવો વૈશ્વિક અને સર્ગગ્રાહી દ્રષ્ટિકોણનો અભાવ છે. લોકોએ ભેદભાવો અને સંઘર્ષો અનેક ગણા વધારી દીધાં છે. અને તેમનાં પોતાના જીવન સંકુચિત અને કૂંઠિત બની ગયાં છે. પ્રાચીન કાળમાં ઋગ્વેદે પાબંદીઓની અવરોધોને તોડી નાંખીને સંકુચિતતાની લાગણીઓને ફગાવી દીધી હતી, અને એકતા જાહેર કરી દીધી હતી.

**સાધક** : "યુજુર્વેદ" શું છે ? એ નામથી જ એને શા માટે ઓળખવામાં આવે છે ?

**સાઈ** : એ નામ મૂળ ધાતુ "યજ" માંથી આવ્યું છે. એની ઘણી વ્યુત્પતિઓ થઈ છે અને દરેકનો એક ખાસ અર્થ છે, પરંતુ સૌથી વધુ ચલણમાંનો અર્થ છે "દેવપૂજા" અને દાન, બક્ષિસો આપવી. યજુર્વેદમાં દેવતાઓને પ્રસન્ન કરવા માટેનાં યજ્ઞ અને યાગાદિ કર્મો અંગેની વિધિઓ અને રીતિઓનાં વર્ણન છે. અધ્વરનો અર્થ પણ "યજ્ઞ" થાય છે. એટલે યજુર્વેદને કેટલીક વાર "અધ્વર - વેદ" પણ કહેવામાં આવે છે.

**સાધક** :- યજુર્વેદમાં શો બોધ સમાયેલો છે ?

**સાઈ** : મિમાંસાને આધારે યજુર્વેદનાં બે સંપાદનો થયાં છે, એક ગ્રંથ "આદિત્ય" અથવા તો સૂર્યની પ્રણાલિકાઓને અને બીજો ગ્રંથ "બ્રહ્મા" ની પ્રણાલિકાઓને મધ્યબિંદુ તરીકે રાખીને રચાયો છે. આ બીજા ગ્રંથને કૃષ્ણ (કાળો) યજુર્વેદ તરીકે અને પહેલાને શુક્લ (શ્વેત) યજુર્વેદ તરીકે ઓળખાવાય છે. શુક્લ યજુર્વેદ ઉત્તર ભારતમાં અને કૃષ્ણ-યજુર્વેદ દક્ષિણ ભારતમાં વધુ પ્રચલિત છે. કૃષ્ણ યજુર્વેદનું સંપાદન ઋગ્વેદનાં મંત્રોની વધુ નિકટ છે. આમાં રહેલા મંત્રો અને સુત્રોનો

ઉપયોગ , યજ્ઞનાં-અગ્નિમાં દેવતાઓને નૈવેધ અર્પણ (આહુતિ) કરતી વખતે તેમની પૂજા-અર્ચનામાં કરાય છે.

કૃષ્ણ - યજુર્વેદમાં ૮૬ શાખાઓ સમાયેલી છે અને દરેક વિષે ખાસ સમજુતિ માટેની ટિપ્પણીઓ આપવામાં આવી છે. પરંતુ એનો અભ્યાસ કે આચરણ કરનાર લોકો ન હોવાથી એમાંથી ઘણી ખરી સ્મૃતિમાંથી વિસારે પડી ગઇ છે. માત્ર ચાર જ ટકી રહી છે. બાકીની ૮૨ કાળની ગર્તામાં ડૂબી ગઈ છે.

શુક્લ યજુર્વેદની ૧૭ જેટલી ધ્યાનાકર્ષક શાખાઓ હતી, પરંતુ તે બધીએ પણ કાળની અસર ઝીલી શકી નહીં અને હવે એમાંની ‘બે' જ ઉપલબ્ધ છે. આ બે શાખાઓ કેટલી અર્થપૂર્ણ અને મહત્વપૂર્ણ હશે તેનો ખ્યાલ કરીએ છીએ ત્યારે એકજ નિષ્કર્ષ પર આવી શકાય છે કે આ "વેદ" અનન્ય-મૂલ્ય અવર્ણનીય છે, વેદોનો જ્ઞાન-વૈભવ અને એની મહત્તાનો અંદાજ લગાવવો એ એક એવું કપરું કાર્ય છે જે કોઈ જ કરી શકે નહીં. વેદોને ભાષા કે કલ્પના દ્વારા પહોંચી શકાય એમ નથી, "યતો વાચો નિવર્તન્તે, અપ્રાપ્ય મનસાસઃ" (એવું કે જેનાથી શબ્દો અથડાઇને પાછા ફરે છે અને મન વડેજ જે પ્રાપ્ત થાય એમ નથી). આને જ સત્ય તરીકે જાણ - અને આ જ સત્ય છે, એ જાણવા બદલ તું એનું ગૌરવ લે, અને આ પ્રમાણે તું એને ઓળખી શક્યો એનું પણ તું ગૌરવ લે. જે ઓ આ બાબત જાણી શક્યા છે તેઓ ખરે જ ઇશ્વરના કૃપા - પાત્રો ગણાય, ઊંડાણમાં ડૂબકી મારીને તેઓ કિંમતી રત્નો મેળવી શક્યા છે, તેમનાં જીવનનું લક્ષ્ય પ્રાપ્ત થઇ ગયું છે, તેમનો પુરુષાર્થ સફળ થયો છે.

**સાધક** : સ્વામી આપે જણાવ્યું કે વેદોને બીજાં "નવ" નામો વડે પણ ઓળખાવાય છે. તો એનાથી પણ વધારે નામો પણ છે કે કેમ ?

**સાઈ** : આહ ! એને માત્ર નવ નામો વડે જ થોડા ઓળખી શકાય ? એના તો બીજા ઘણાં નામો છે. દ્રષ્ટાંતરૂપે જોઈએ તો એને "પ્રશ્ન" પણ કહે છે અને "પ્રથમા-જ" પણ. આ નામો વેદોનાં વિવિધ પાસાંઓને અને એમાં રહેલા બોધનાં લક્ષણો અને સંદર્ભોને રજુ કરે છે.

**સાધક** : "પ્રશ્ન" એનો શો અર્થ થાય છે ?

**સાઈ** : સર્વશક્તિમાન (પરમેશ્વર) "પ્રશ્નગર્ભ" છે. (જેમાં બધુંજ સ્પષ્ટી કરણ અને જ્ઞાન સમાયેલું છે) 'પ્રશ્ન’ - શુધ્ધિ સ્પષ્ટતા અને પવિત્રતાનો નિર્દેશ કરે છે. એ શબ્દ દર્શાવે છે. કે પરમેશ્વરમાં

નિર્મળ બુદ્ધિ છે. એજ જ્ઞાનને વેદોમાં શબ્દોનું રૂપ આપવામાં આવ્યું છે. પવિત્ર ચેતના અને નિર્મળ-બુદ્ધિ ધરાવતા ઋષિઓ સર્વવ્યાપી "બ્રહ્મ" ( કોસ્મીક-સેલ્ફ ) જ તેમને પ્રેરણા આપે છે અને તેમને સ્તોત્રો અને મંત્રોને સ્પષ્ટરૂપે નિહાળવાની "આર્ષદ્રષ્ટિ" નું વરદાન આપે છે. આવા ઋુષિઓ જેઓ પરમેશ્વરની ભક્તિ કરતા કરતા, સત્યને જાણી શક્યા તેમણે પણ "બ્રહ્મ" ની ઓળખ પ્રાપ્ત કરી અને એને "પ્રશ્નગર્ભ" નામાભિધાનથી નવાજ્યા.

ઋષિઓ જેઓ આર્ષદ્રષ્ટિથી રચી શકતા હતા તેઓ કર્મબંધનોથી બંધાતા ન હોતા, તેઓ બ્રહ્મમાં સમાઈ જઈને ફરી જ્યારે આવિષ્કાર કે અભિવ્યક્તિનું શરૂ થાય ત્યારે એક બ્રહ્મમાંથી પુનઃ પ્રગટતા એટલેજ અજ : (અજન્મા) તરીકે તેમનું અભિવાદન કરવામાં આવે છે. વેદો આ શબ્દોમાં તેમનો જયજયકાર કરે છે.

તેમની પ્રકૃતિ જ શુદ્ધ અને પવિત્ર - તેજોમય હોય છે. એટલે તેમને (ઋુષિઓને) પણ "પ્રશ્ન" તરીકે ઓળખાવાય છે. ઈશ્વર - કૃપાથી પ્રાપ્તિ માટે તેઓ એટલી તીવ્ર - યાતનાભરી ઉત્કંઠા સેવતા કે તેમની સમાધિની અવસ્થામાં "બ્રહ્મ" આપોઆપ સ્વયં પ્રગટ થતા અને તેમને "બ્રહ્મ યજ્ઞ"ની દ્રષ્ટિનું પ્રદાન કરતા.

**સાધક** : બ્રહ્મ - યજ્ઞ શું છે ?

**સાઈ** : "બ્રહ્મ - યજ્ઞ " એ સ્વાધ્યાય છે એટલે કે વેદોનો ગ્રહણ અભ્યાસ અને એ મુજબનું આચરણ. જે ઋષિઓ 'અજન્મા' (અજ:) હતા તેમને 'બ્રહ્મ' દ્વારા તેમને મળેલી દ્રષ્ટિ - પ્રમાણે, તેમને લાધેલા સત્યને રૂપ (મંત્રો સ્તોત્રો - સુત્રો) આપીને તેનો પ્રસાર કરવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો, તેમણે જ જગતની શાન્તિ અને સમૃદ્ધિ અર્થે યજ્ઞ - યાગાદિની વિધિઓ રચી અને એ દ્વારા પોતાને લાધેલ સત્યને સ્વરુપ આપ્યું. જેઓ પોતાનાં હૃદયમાં મંત્રની જાગૃતિ, પરમ - સત્યનું જ્ઞાન, બ્રહ્મનો અર્થ અને તેનું માહાત્મ્ય અને ધર્મ (સામાજિક સુસંવાદિતા, વ્યક્તિગત હક્કો અને ફરજો અંગેના નીતિનિયમો) નું સંગોપન ધારણ કરી રાખતા હતા, તેવાઓને વેદો "ઋૃષિ" તરીકે સ્વીકારતા હતા. આવા ઋૃષિઓ દ્વારા અધિકૃત અને સ્વીકૃત કર્મકાંડિય વિધિ - પૂર્વકનાં અર્પણ (આહુતિને) "યજ્ઞ" કહે છે.

'સત્ય' ની પ્રાપ્તિ માટેની તીવ્ર ઉત્કંઠાને "તપ" કે તપસ્વી જીવન કહે છે. બ્રહ્મની પ્રાપ્તિથી થતી હોવાથી એને (બ્રહ્મને) "તપો (તપથી મળનાર) કહે છે અને બ્રહ્મ તરફથી તપસને મળેલા પ્રતિભાવને "વેદ-વાક", "દેવ-વાણી " કહે છે.

"તપો-જ" નો અક્ષરશઃ અર્થ "તપમાંથી જન્મેલું" એવો થાય છે. પરંતુ એનો અર્થ એવો નથી કે તપમાંથી જન્મવા સુધી "બ્રહ્મ" નું અસ્તિત્વ નહોતું. "બ્રહ્મ" તો સનાતન છે, અનાદિ છે (એનો કોઈ પ્રારંભજ નથી), એના પર કાળની કોઈ અસર થતી નથી એટલે કાલાતીત છે. તપમાંથી જન્મેલું એટલે જેણે તપ કર્યું તે વ્યક્તિ માટે એ પ્રકાશમાં આવ્યું એટલે કે એને "બ્રહ્મદર્શન" થયું તે હંમેશા માટે "છે" જ. બ્રહ્મેજ એવો સંકલ્પ કર્યો છે. બ્રહ્મેજ પોતાના "વાક્" રૂપે "શબ્દ" રૂપે પ્રગટ કર્યો. એ શબ્દ જ "વેદ - મંત્ર "બન્યો. એટલેજ સર્વશક્તિમાન પરમેશ્વરને વેદોમાં "મંત્રક્રીત" કે "મંત્ર - કૃત" (મંત્રનાં રચનાર) કે ઋષિ - કૃત (ઋષિના સર્જક) તરીકે વર્ણવવામાં આવ્યા છે. આ નામો, કોઈ કોઈ જગ્યાએ દેખાતા બીજાં નામો જેવાં કે સ્વયંભૂ - પ્રગટેલા, તપો-જ (તપમાંથી જન્મેલા) વગેરે, ઉપરાંતનાં છે.

મેં 'પ્રશ્નગર્ભ' નામનો ઉલ્લેખ કર્યો. પરમેશ્વરનું એ નામ અર્થસભર છે. એ નામ અન્ન, જળ, અમૃત (અમરત્વ આપનાર) અને વેદનાં જ્ઞાનનો સંકેત આપે છે. સર્વશક્તિમાન "બ્રહ્મ" માંજ આ બધું હોવાને કારણે, જાણે કે ગર્ભની જેમ, તેથી એને (બ્રહ્મને) "પ્રશ્નગર્ભ" નામ મળ્યું છે. આ રીતે બ્રહ્મ "વેદ-રૂપ તરીકે પોતાની આંતરિક-વાસ્તવિકતા જાહેર કરે છે.

**સાધક** : સ્વામી !! "પ્રથમ-જ " એ બીજું નામ પણ આપે આપ્યું એનો શું અર્થ થાય ?

**સાઈ** : "ત્રયી" એટલે કે વેદની વેદોમાં "પ્રથમ-જ" તરીકે પ્રશંસા કરવામાં આવી છે, "ઉપસ્થાય પ્રથમજામ", આ વિધાન એ માન્યતા દર્શાવે છે કે "પ્રથમ - જ" અથવા તો પહેલા જન્મેલાનો આદરપૂર્વક અભ્યાસ (ઉપસ્થા) કરવાથી વિદ્યા પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી વ્યક્તિ વિનમ્રતાથી આ પવિત્ર "વેદ-વાક્ય" નો અભ્યાસ ન કરે ત્યાં સુધી "બ્રહ્મ-વિદ્યા" પ્રાપ્ત થઈ શકે નહીં. આમાં માત્ર મોંએથીજ (હોઠોથીજ) વેદોનું પઠન કરવું પર્યાપ્ત નથી. પરંતુ વેદોના શબ્દોના અર્થ અને એમાં રહેલા આદેશ અંગેની સંપૂર્ણ સભાનતા સાથેની, વેદોની સેવા અને એની સભાન પૂજા જરૂરી છે. ઉપરના વિધાનમાં આ જ વાત સરળતાથી રજુ થઇ છે.

**સાધક** : સ્વામી !! "પ્રથમ-જ" નામ કયા વેદમાં આવે છે ?

**સાઈ** : ઋગ્વેદમાં એક વાત ધ્યાનમાં રાખો કે 'પ્રથમ-જ' અને એવુંજ બીજું નામ "પૂર્વ-જ" વેદો સૌથી પહેલાં ક્યારે પ્રગટ થયો એની શોધની અશક્યતા દર્શાવે છે. વેદો અનાદિ છે, જેનો કોઈ પ્રારંભ નથી. આજ કારણથી વાલ્મિકી ઋષિએ આ શબ્દ "વાક્" ને સૌથી પ્રથમ-અગમ-અગોચર

રહસ્યમય શબ્દ (અગ્ર-વાક) કહીને તેની પ્રશંસા કરી છે. "બ્રહ્મ" નાં સંકલ્પનું પહેલું ઘનીકરણ બ્રહ્માંડ અથવા તો "બ્રહ્માંડ-ગર્ભ" એવા "હિરણ્ય - ગર્ભ" રૂપે થયું. એ પણ "પ્રથમ-જ" છે. નિરાકારનું જ્ઞાન અને એનું સાકાર-રૂપે આવિષ્કરણ થયું (બ્રહ્મ-વિદ્યા) એ પણ પ્રથમ-જ છે, વેદોના કહ્યા પ્રમાણેની એ પ્રથમ-જાણકારી છે, આદિ-જ્ઞાન છે. “બ્રહ્મ" અને "હિરણ્ય-ગર્ભ" એ બન્નેનો કેટલીકવાર " પ્રથમજ " તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે.

**સાધક** : આ ‘બે’ માંથી ખરેખર , "પ્રથમ" પહેલું કોણ છે ?

**સાઈ** : "બ્રહ્મ" જ સૌ પ્રથમ છે. એ હંમેશાં "હતું" અને "છે” એમાંથીજ "હિરણ્યગર્ભ" નો જન્મ થયો, અને એમાંથીજ વેદો પ્રગટ થયા. એટલે વેદો માટે “પ્રથમજ" એ નામકરણ સુયોગ્ય છે. ઋષિઓએ પ્રથમ વેદો સાંભળ્યા અને એમને ઉચ્ચારિત કર્યા (ઉદઘોષ) એટલે વેદોને "આર્ષ” એટલે કે ઋષિઓ સાથે સંબંધ ધરાવનાર, પણ કહે છે.

વેદ એ "ધર્મ" નાં, નૈતિક-જીવન અને સદવર્તનનાં મૂળ-સ્રોત રૂપે છે. જેઓ વેદોમાં દર્શાવ્યા - મુજબનાં અને મિમાંસા દ્વારા અર્થઘટન મુજબનાં, કર્તવ્ય કરવાનાં અને નિષિધ્ધ - કર્મો અંગેનાં ધોરણોનું પાલન કરે છે તેઓજ ધર્મ પરાયણ કહેવડાવવાને પાત્ર છે. જેઓ તેમનું અર્થઘટન પોતાની ઈચ્છાનુસાર કહે છે તેઓ ‘અધર્માચરણ' કરે છે. આ જ "અર્થ" છે.

**સાધક** : "અર્થ" ? એનો શું" અર્થ" થાય છે ?

**સાઈ** : અર્થ છે. શ્રેષ્ઠતાની જાહેરાત !! જાહેરાત વેદોમાં, ઋષિ મુનિઓનાં તેમની ઉચ્ચ - કક્ષાની આધ્યાત્મિક - "આર્ષ-દ્રષ્ટિ" વડે પ્રાપ્ત "દર્શન"ની અભિવ્યક્તિ છે. વેદમંત્રો એ માનવીની મુક્તિ માટે ઋષિઓએ નિર્માણ કરેલું કિંમતી “ઐશ્વર્ય" છે. (ખજાનો છે.) આમ ઋગ્વેદ કહે છે.

વેદોનો "બ્રહ્મ" નો વિચાર જે શબ્દમાં છેલ્લે ‘સ' અક્ષર આવે છે તે શબ્દ દ્વારા વ્યક્ત થયો છે. આ કારણથી વેદોનો અર્થ ધન, જ્ઞાન અને પરમ - ઐશ્વર્ય, એવો પણ થયો છે. અહીં ધન (ખજાનો) નો જે અર્થ થાય છે તે દુન્યવી પ્રાપ્તિ અને ભૌતિક - સમૃધ્ધિ કરતાં વિપરીત અર્થમાં છે. આ ધન તો એવું છે જેનાથી પરમ - લક્ષ્યની પ્રાપ્તિ થઈ શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો વેદ-માતાની કૃપાથી પ્રાપ્ત થયેલ સમૃધ્ધિ, એ સૌથી વધુ પ્રભાવકારી “પ્રજ્ઞા" સ્વયં છે. આ કારણથી જ વૈદિક - ઋષિઓ આ પ્રમાણે પ્રાર્થના કરતા હતા.

"હે પરમેશ્વર !" તમે સાક્ષાત વેદ - સ્વરૂપ છો. મને બાળકો કે પશુઓનાં ભારથી નહીં. બલ્કે "પરમ-ઐશ્વર્ય" નાં સ્રોત એવાં પ્રજ્ઞાનરૂપી સમૃદ્ધિથી ભરી દો."એ-ધન" થી મને સંપૂર્ણ સંતોષ મળશે. અને આ જ્ઞાન - સમૃદ્ધિ આપની સેવા - પૂજાને યોગ્ય હોવાથી એ મને મળશે ત્યારે આપને પણ આનંદ થશે."

**સાધક** : સ્વામી !! આજે લોકોમાં ક્યાંયે, આવી પ્રાર્થના પ્રગટ થાય એવી લાગણીઓ જોવા મળતી નથી. લોકો આવી વૈદિક - પ્રાર્થનાઓ એમાંનો અર્થ સમજયા વિના, માત્ર ટેવ - પ્રમાણે ગ્રામોફોન રેકોર્ડઝની જેમ બોલી જતા હોય છે. ખરૂં ને ? પરમેશ્વરનાં કિંમતી "ઐશ્વર્ય રૂપ" (ખજાનારૂપ) જ્ઞાન તેમને પ્રાપ્ત થાય ખરૂં ?

**સાઈ** : ભલા આદમી તેં પોતેજ હમણાં કહ્યું કે તેઓ તો ગ્રામોફોન રેકોર્ડઝની જેમ વેદ-પાઠ કરતા હોય છે, કેમ તે કહ્યું ને ? એટલે તેમની પેલી રેકોર્ડઝ જેટલું જ્ઞાન અને એશ્વર્ય પ્રાપ્ત થાય. તેમને પૂર્ણ-પ્રભાવકારી સમૃધ્ધિ કેવી રીતે મળે ? ડાળી તોડીને અને રોપીને એવો કોઈ દાવો કરી શકે કે એક ઝાડ ઉગી રહ્યું છે ? જેઓ વેદોનાં મંત્રોનો અર્થ ધ્યાનમાં રાખીને સ્તોત્રોમાં રહેલ ભાવ - અનુભવતા રહીને વેદોચ્ચાર કરે છે તેમને માત્ર સર્વોચ્ચ કક્ષાના જ્ઞાનની એટલે કે "બ્રહ્મ-વિદ્યા" અથવા તો "સકલ-ઐશ્વર્ય" ની પ્રાપ્તિરૂપે "બ્રહ્મ" ની કૃપા મળે છે.

**સાધક** : સ્વામી સામાન્ય રીતે કહી શકાય કે એવી કોઈ પણ વ્યક્તિ નહીં હોય જે "ધન" ની ઈચ્છા નહીં રાખતી હોય. પરંતુ કયા પ્રકારનું ધનની કે સમૃદ્ધિની એષણા રાખવી જોઇએ ? ધનનું કયું સ્વરૂપ વેદોને માન્ય છે ? વેદો આ બાબતમાં શું કહે છે ? કૃપા કરીને મને જ્ઞાન કરો.

**સાઈ** : "વેદમ પરમઐશ્વર્યમ્" (વેદોજ ઊંચામાં ઊંચી કક્ષાનું ઐશ્વર્ય છે) "વેદયતિ ઈતિ વેદ" (જે શીખવે છે તે વેદ છે) "સઃવેદસ્ત્વમ્" (વેદોમાંથી જ્ઞાન પ્રાપ્ત કર). સમૃદ્ધિ અને પ્રગતિનાં સાધન તરીકે ધન (અર્થ) ની ઈચ્છા રાખીને પછી એ મેળવાય છે. એટલે તેને પણ અર્થકઃ કહેવામાં આવે છે. વેદો જાહેર કરે છે કે અંતઃસ્ફૂરણાથી મળેલું જ્ઞાન એ એવું ધન છે જેનાથી પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે, આનેજ માત્ર વેદઃ અથવા તો "વૈદિક - સત્ય" કહી શકાય. "શ્રુતિ"(વેદ શાસ્ત્ર) ભારપૂર્વક કહે છે કે માત્ર આવું જ ધન (કે સંપત્તિ) આરાધક અને આરાધ્ય બન્નેને તૃપ્તિનો આનંદ આપી શકે છે.

ઋગ્વેદ આ પ્રકારના ધનની પ્રશંસા કરે છે અને શ્રુતિમાં એ પ્રકારનું ધનનું વર્ણન અને એને માટેની ભલામણ હોવાથી એનો ઉલ્લેખ "શ્રુત્યાક"તરીકે કરે છે. જે ધન મનુષ્યના માર્ગદર્શન

માટે રચેલા સ્પષ્ટ નીતિ - વચનોને અનુસરીને મેળવ્યું હોય તે જ ધનને વેદો વૈદિક - ધન તરીકે માન્ય રાખે છે.

**સાધક** : "શ્રુત્યાક" ? સ્વામી !! એનો શું અર્થ થાય છે ?

**સ્વામી** : જે વ્યક્તિને ત્યાં પુત્રો, પૌત્રનું સુખ પ્રાપ્ત હોય અને દુન્યવી મહાત્વાકાંક્ષાઓમાં પણ જેણે આશ્ચર્યજનક કહી શકાય એવી ઊંચાઇની સફળતા મેળવી હોય તેને “શ્રીમંત" કહે છે. જ્યારે નૈતિક ઉત્કૃષ્ટતા જાળવવી એ વધારે મોટી સંપત્તિ છે. આ સંપત્તિ વૈદિક ઉપદેશોનાં જ મૂર્ત પરિણામરૂપે છે, અને "ધર્મ"કહે છે. રામાયણ રામની "વિગ્રહવાન ધર્મ" તરીકે પ્રશંસા કરે છે. ધર્મ પ્રાણી-માત્રનું પાલન કરે છે. (સર્વ ભૂતાનામ્ ધારણંતઃ ધર્મ:) ધર્મ પ્રાણી માત્ર માટે આધાર (ધારણ કરવું) રૂપ છે. એ ધારણ કરે છે માટેજ ધર્મ કહેવાય છે. સર્વ શક્તિમાન પરમેશ્વર એ જ આધાર છે અને પાલનહાર છે : પૂજાનો સર્વથી વધુ અસરકારક માર્ગ હોય તો તે "ધર્માચરણ" નો છે. તેથી જ પરમેશ્વરને ધર્મ શબ્દ સાથે સાંકળવામાં આવે છે. એટલે "ધર્મ" નામ અર્થપૂર્ણ છે. પરમેશ્વર દ્વારા પ્રક્ષેપિત આખુંયે બ્રહ્માંડ ધર્મ ઉપર સ્થાપિત થયેલું છે. (ધર્મો વિશ્વસ્ય જગતઃ પ્રતિષ્ઠા) જે "ધર્મ" જ્ઞાનથી ભરપૂર એવી પવિત્રતાથી ઓતપ્રોત છે તેનું અર્થઘટન મનુષ્યો દ્વારા પોતાનાં સ્વાર્થ, કલ્પના અને તરંગો અનુસાર થઇ રહ્યું છે. તેથી ધર્મ અધિકાધિક રીતે વિકૃત થઇ ગયો છે. વેદો અને દેવ જેવા શબ્દો આજે નવા અર્થો અને તાત્પર્ય ધારણ કરે છે. આ પ્રક્રિયા વૈદિક-સાહિત્યમાં સ્પષ્ટ રીતે ઉપસી આવે છે."સ્વયં-સર્વમ્ વેત્તિ ઇતિ વેદ:" (તે પોતેજ બધું જાણે છે એ વેદ છે)" "વેદ એ સર્વજ્ઞ બ્રહ્મ - સ્વયં" છે, એ વાતને આ વિધાન પ્રગટ કરે છે. "શ્રુતિ” એનું મૂર્ત-સ્વરૂપ છે.

**સાધક** : સ્વામી !! વેદોમાં જે મંત્રો આપ્યા છે, એમાં "સ્વાહા" શબ્દ વારંવાર આવે છે."સ્વાહા ” નો અર્થ શું છે ?

**સાઈ** : સરસ ! વિધિપૂર્વક પ્રજ્વલિત કરેલ અગ્નિમાં હવિ અર્પણ કરતી વખતે આ શબ્દ બોલવામાં આવે છે. એ એક અભિવ્યક્તિ જ છે. લોકો માને છે કે એ વૈદિક શબ્દ નથી. તેઓ દલીલ કરે છે કે એ તો માત્ર યાંત્રિક - અભિવ્યક્તિ કે રજુઆત છે જે માત્ર કર્મકાંડને જ લાગુ પડે છે. "સ્વાહાદેવી" નામની એક દેવી છે જેનું આવાહન "સ્વાહા” શબ્દ દ્વારા કરવામાં આવે છે. દેવતાઓને હવિ અર્પણ કરવામાં આવે છે તે દર્શાવતો શબ્દ"સ્વાહા” છે. એટલે એ શબ્દનાં ‘બે’ અર્થ થાય છે. જ્યારે દેવતાઓને તેમનાં વિવિધ સ્વરૂપો અને નામો સાથે, હવિ અથવા બીજી કોઇ સામગ્રી અર્પણ

કરવામાં આવે છે ત્યારે આ શબ્દ "સ્વાહા" બોલાય છે. જો કે જ્યારે દેવતાઓને બદલે પોતાનાં પૂર્વજોનું આવાહન કરીને તેમને વિધિપૂર્વકનું અર્પણ કરવામાં આવે છે. ત્યારે સ્વાહાને બદલે "સ્વધા" શબ્દ બોલાય છે. આ શબ્દ શક્તિથી ભરેલા હોવાથી તેને વાકદેવી એટલે કે વાણીની અધિષ્ઠાત્રી દેવીના આવિષ્કાર તરીકે પૂજ્યભાવથી જોવામાં આવે છે.

જે વિધિઓનો દૈનિક જીવન માટે અનિવાર્ય તરીકે અનુરોધ કરવામાં આવ્યો છે અને બીજી વિધિઓ જેનો અમુક પવિત્ર દિવસો પૂરતો જ સ્વૈચ્છિકરૂપે, અનુરોધ કરવામાં આવ્યો છે, એ બધી વિધિઓનો પ્રારંભ સ્વાહા: ઉચ્ચારણ અને સાથે પવિત્ર-જળનું ‘આચમન' લઈને કરાય છે. સામાન્ય રીતે કહીએ તો કોઈ પણ યજ્ઞનાં પવિત્ર અગ્નિમાં કર્મકાંડ મુજબનું અર્પણ "સ્વાહા” કે “સ્વધા" મંત્રો વિના અપાતું નથી.

**સાધક** : વેદિક મંત્રોને અંતે જ્યારે બે વધારાનાં મંત્રો સ્વાહા કે સ્વધા બોલાય છે, ત્યારે એનાથી કયા લાભ થાય છે ?

**સાઈ** : સ્વાહા કે સ્વધાના ઉચ્ચારણ સાથે જયારે અર્પણની સામગ્રી હોમવામાં આવે છે, ત્યારે જે દેવતાઓ કે પિતૃઓને માટે અર્પણ વિધિ થતી હોય તેઓ પ્રસન્ન થાય છે. તદ્ઉપરાંત જો કોઈ વૈદિક ક્રિયાકાંડનાં પંડિતો પણ અર્પણ વિધિ માટે અગ્નિ પૂજા કરે અને આદેશ મુજબના મંત્ર "સ્વાહા" ન બોલે તો અર્પણ દેવતાઓને પહોચીં શકે નહિ. સ્વાહા અને સ્વધા શબ્દો તેમને લગતા દેવતાઓના આવાહનરૂપ છે. એ એવા મંત્રો છે, જે દેવતાઓને અને પિતૃઓને સચેત કરે છે. ઋગ્વેદ કહે છે, “સ્વાહા સ્તૈમસ્ય વર્મણા". સ્વાહાનાં બે અર્થો છે (૧) એ મંત્રોચ્ચાર સહિત અર્પણ કરવું તે અને (૨) એમાનું વૈદિક વિધાન જે સચેતસ્તુતિ કે મહિમા ગવાયો હોય. એમાંના એક અર્થ લો કે બન્ને લો એનાથી દેવતાઓ અને પિતૃઓ પ્રસન્ન થાય છે, અને તેઓ સ્વાહા કે સ્વધા મંત્રો સહિત સ્તુતિ કરનાર વ્યક્તિની પ્રગતિ કરાવે છે.

**સાધક** : સ્તુતિ કરનારની પ્રગતિ કરાવે છે ? એના શું અર્થ થાય છે ?

**સાઈ** : વેદોની મહોર ધરાવતા શબ્દો વડે સ્તુતિ કરવાથી એ વ્યક્તિમાં જુદી જુદી પ્રગતિકારક ગુણવત્તા આવી જાય અને ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટેની તકો ઉભી થાય, એવી દિવ્ય-કૃપા પ્રાપ્ત થાય છે.

**સાધક** : વેદોમાં, આ સ્વાહામંત્ર એનાં પ્રણાલિકા - ગત અર્થમાં વપરાયો હોય એનાં કેટલાક ઉદાહરણો મારે જાણવાં છે.

**સાઈ** : કેશવાય સ્વાહા, પ્રાણાયસ્વાહા, ઇન્દ્રાયસ્વાહા. આ કેટલાક ઉદાહરણો છે અને મંત્રનો અર્થ થાય છે, સ્વાહુતમ અસ્તુ, સુહુર્તમ્ અસ્તુ,

**સાધક** : સ્વાહુતમ્ અને સુહુર્તમ્ એ બે શબ્દોનાં શા અર્થ થાય છે ?

**સાઈ** : એનો અર્થ છે, "અર્પણ કરેલ સામગ્રી સ્વાહા થઇ જાઓ" એટલે કે બરાબર બળી જાઓ અથવા સાચી રીતે પચી જાઓ.

**સાધક** : સ્વામી ! એનાથી મારામાં એક શંકા જાગે છે. અગ્નિમાં નાંખેલ સામગ્રી સંપૂર્ણપણે બળી જ જાય છે, આપણે મંત્રો ન બોલીએ તો પણ એક સામાન્ય અનુભવ છે. એટલે "સ્વાહા" બોલવાથી ખાસ એવી કઇ પ્રક્રિયા થાય છે ?

**સાઈ** :  "સ્વાહુત" એટલે માત્ર અગ્નિમાં અર્પણ કરેલ સામગ્રીનું બળી જવું કે સંપૂર્ણ પણે હોમાઇ જવું એટલું જ નથી. દુન્યવી દ્રષ્ટિબિન્દુએ માત્ર આટલું જ દેખાય. પરંતુ વેદો (શ્રુતિ) માને છે કે સામાન્ય રીતે જણાતા ભૌતિક સ્વરૂપ અને કાર્યનાં કરતાં પણ વિશેષ એવું અગ્નિનું દિવ્ય સ્વરૂપ અને કાર્ય પણ છે. દિવ્ય સ્વરૂપો (દેવતાઓ) ઇન્દ્રિયોની પહોંચની બહાર હોય છે. એટલે વેદો દેવતાઓની પૂજા કર્મકાંડ અને વિધિ સાથે કરવાની ભલામણ કરે છે. અને અગ્નિ કે અગ્નિ - દેવતામાં અન્ય - દેવતાઓનું ઉદભવસ્થાન અને તેમનું પોષણ પણ સમાયેલા છે. "અગ્નિરેવ દેવ યોનિઃ". અગ્નિ દિવ્ય અને મૂળ તત્વ છે. જે કોઇ વ્યક્તિ અગ્નિ - દ્વારા દેવતાઓને નૈવૈદ્ય - સામગ્રી અર્પણ કરે છે, તેનામાં દિવ્ય - ગુણોની કૃપા - પ્રાપ્તિ થાય છે. જેઓ આ હકીકત સમજી શકે તેઓ જ એ સિદ્ધાંતને પામીને લાભ લઈ શકે છે.

આનંદ લેનાર એટલે કે ભોગ - ભોગવનાર (ભોક્તા) અને એ આનંદ આપનાર વસ્તુ (ભોગ્ય) આ બે અંશો વડે જગત બન્યું છે, આ બે જ્યારે એક થાય છે. ત્યારે ભળી જાય છે. અને ત્યારે  "અત્ત" તરીકે ઓળખાય છે, એટલે કે  "ભોક્તા" આ વ્યાવહારિક કે સ્વાભાવિક નિષ્કર્ષ છે. તે "એકને" ભોગ્ય કહેવું એ યોગ્ય નહીં લાગે ઠીક તો ભોક્તા કોણ છે ? અગ્નિજ જે અર્પિત નૈવેદનો સ્વીકાર કરે છે.

સૌથી પ્રથમ - ક્રમનું દૈવી તત્વ  "આદિત્ય" (સુર્ય) છે. એનુંજ આધ્યાત્મિક પ્રતિરુપ "પ્રાણાગ્નિ " છે જે પ્રાણીઓમાં જીવન શક્તિ રૂપે તેમની અંદર રહે છે . અગ્નિની અંદર "આજય" (ઘી) અને "સોમ" (સોમ છોડનો રસ - સોમરસ)  રહેલ છે. અગ્નિમાં હોમાયેલ અપર્ણ - સામગ્રીને "આહુતયઃ" કહે છે. એનો અર્થ થાય છે "મૂકાયેલ". દેવતાઓ દ્રષ્ટિ-સીમાની બહાર રહેવું પસંદ કરે છે. એટલે અર્પિત નૈવેદ્યને "આહુતિ" ઓ, પણ કહે છે.

**સાધક** : 'અગ્નિ' તો દ્રષ્ટિ-સીમાની અંદર છે, એને શું કહે છે ?

**સાઈ** : ત્યારે અને "અગ્ની" કહે છે. અગ્ની એટલે પહેલું એનું સર્જન સૌથી પ્રથમ થયું હતું એટલે એ નામ પડ્યું છે. જ્યારે દ્રષ્ટિ-સીમાની બહાર હોય છે (પરોક્ષ) ત્યારે એને અગ્નિ કહે છે.

**સાધક** : "આહુતિ" નો શું અર્થ થાય છે ?

**સાઈ** : જે અગ્નિ વિધિપૂર્વક પ્રગટાવ્યો હોય અને એ પ્રમાણે જ પ્રજ્વલિત રાખ્યો હોય, તેમાં અર્પણ કરવામાં આવતી સમીધ - સામગ્રી એટલે કે નૈવેદ્ય - ની આહુતિ આપી એમ કહેવાય છે. તદ્ઉપરાંત આહુતિ શબ્દમાં પરમેશ્વરને કે જે તે દેવતાઓને આહુતિ સ્વીકારવા માટે આવાહન આપવામાં આવે છે એ અર્થ પણ સામેલ છે. આ એ શબ્દનો ખાસ અર્થ છે."વષટકાર"(સમજુતિ આપતાં સૂત્રો) એ માત્ર “સ્વાહા"  મંત્રની અસરમાં ઉમેરે છે. જે આહુતિ માટે દેવતાઓને તે સ્વીકારવા આમંત્રણ હોય તેજ આહુતિ તેઓ સ્વીકારે છે.

"સ્વાહા" એ સરસ્વતીને અપાયેલું બીજા નામ છે, કારણકે તેઓ “વાગ્દેવી" છે, વૈદિક "શબ્દ" ની અધિષ્ઠાત્રી દેવી છે. વૈદિક "શબ્દ" આત્માનોજ ઉલ્લેખ છે, તેમજ ‘સ્વાહા' નું છે. દેવી ભાગવત જાહેર કરે છે કે સર્વોચ્ચ દેવી "ગાયત્રી" અને  "સ્વાહા" એ બન્ને છે, લલિતા-સહસ્ત્રનામ (સર્વોચ્ચ દેવી લલિતાનાં ૧૦૦૮ નામો) જાહેર કરે છે કે "સ્વાહા" અને "સ્વધા" નામો છે. “સ્વાહાનો અર્થ" "અંત" જેવો પણ થાય છે. "અંદર-જવું" કે "પૂર્ણાહૂતિ" જેવો થાય છે.

**સાધક** : કયા વેદને 'અથર્વ ' કહે છે ? બીજાં ઘણાં નામો વડે પણ ઓળખાવાય છે ?

**સાઈ** : હા. એ વેદનાં ઘણાં લોકપ્રિય નામો છે. "બ્રહ્મવેદ" આંગીરો-વેદ, અથર્વાંગીરો વેદ, ભૈશજ્ય વેદ, કાલીદાસે વસિષ્ઠ ઋષિની એમને "અથર્વ-નિધિ" (અથર્વજ્ઞાનનો ખજાનો) કહીને પ્રશંસા કરી છે. આટલી ઉંચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાને લીધે વસિષ્ઠ-ઋષિની "રાજગુરૂ" તરીકે સ્થાપના થઈ

હતી. એનાથી એમનું ચારેય વેદો (ઋગ, યજુર, સામ અને અથર્વ) ઉપરનું પ્રભુત્વ સિદ્ધ થતું હતું અને યજ્ઞયાગાદિ વગેરે કર્મકાંડની વિધિઓ ઉપર નિરીક્ષણ રાખવાનો અધિકાર પણ પ્રાપ્ત થતો હતો અને પોતે પણ શાસ્ત્રોકૃત વિધિઓ અને ક્રિયાઓ કરાવી શકતા હતા.

**સાધક** : સ્વામી, અથર્વ વેદના મંત્રોનાં કોઈ ખાસ નામો પણ છે ?

**સાઈ** : એ મંત્રોને "સિધ્ધમંત્રો" તરીકે નવાજવામાં આવે છે. એટલે એવા મંત્રો જે વચન-પ્રમાણેની અસરો અંગેની ખાત્રી આપે છે. ગાયત્રી મંત્રની અધિષ્ઠાત્રિ દેવી જેને ગાયત્રી દેવી કહે છે. તેના ચરણોરૂપે ઋગ, યજુર અને સામવેદો છે, મિમાંસા - શાસ્ત્ર (અર્થઘટન અને જાંચતપાસનું શાસ્ત્ર) એમનું નિષ્ક્રિય અથવા સ્થિર પાસું છે અને અથર્વવેદ એ પ્રવૃતિ દર્શાવે છે.

**સાધક** : મને આ જરા ગુંચવણભર્યું લાગે છે. આ સિવાય વેદોની અગત્યતા સહેલાઇથી સમજી શકાય એવી દુન્યવી રૂપકો દ્વારા સમજાવવાની બીજી કોઈ રીતો નથી ?

**સાઈ** : ભલે, સાંભળ, અથર્વવેદ એક વિશાળ વૃક્ષ છે, ઋગ, યજુર અને સામ - વેદો એ થડ અને ડાળીઓ છે અને સ્મૃતિ અને પુરાણો એ પાંદડા છે એકજ સૂર્ય (આદિત્ય) યજુર્વેદમાં યજુઃ, સામવેદમાં સામ, ઋગ્વેદમાં ઉદર્વ અને અથર્વર્વેદમાં ‘યજુ' તરીકે પૂજાય છે.

**સાધક** : અથર્વનો શો અર્થ થાય છે ?

**સાઈ** : એનો થાય છે સ્થિર, અચળ વ્યક્તિ જેનો સ્વભાવ દ્રઢ છે. અથર્વ વેદને વેદમાં ઘણીવાર "પ્રાણ આત્મા” (પરમ - ચૈતન્ય જે પ્રાણ - વાયુને કાર્યરત રાખે છે) અને "પ્રજાપતિ" (જન્મેલાં "પ્રાણી માત્રનો રાજા") પણ કહે છે. એમાંથી આગળના અર્થમાં એને "પ્રાણ-પતિ" પણ કહે છે. આ પ્રજાપતિને સૌ પ્રથમ લાકડાંની વલોણાની પ્રક્રિયાથી ઘર્ષણ દ્વારા અગ્નિ પેદા કરવામાં સફળ રહેનાર તરીકેનો યશ આપવામાં આવે છે. વેદોમાંથી, ત્રણમાંથી દરેકને કોઈને કોઈ સમયે, સૌથી પહેલા વેદ તરીકે ગણાવ્યા છે, પરંતુ છેલ્લા-વેદની વાત છે ત્યારે "અથર્વ" વેદનું જ નામ લેવાય છે.

**સાધક** : આ વેદમાં પરમેશ્વરના કેટલાં સ્વરૂપો નિરૂપાયાં છે ?

**સાઈ** : “યા તો રૂદ્રઃ શિવાતનોર્ઘોર પાપનાશિની" એમ કહેવાયું છે. એટલે કે ઇશ્વરનાં બે સ્વરૂપો હોવાનું વર્ણન છે શાંત અને રૌદ્ર.

**સાધક** : દ્રષ્ટાંતો આપવા વિનંતી છે.

**સાઈ** : થાંભલામાંથી પ્રગટેલ ભગવાનનું નરસિંહ-સ્વરૂપ પરમ ભક્ત પ્રહલાદ માટે સૌમ્ય, શાંત, સુંદર અને કલ્યાણકારી હતું અને તેજ વેળાએ પિતા હિરણ્યકશ્યપ જેઓ ઇશ્વરનો સૌથી વધુ તિરસ્કાર કરતા હતા તેને માટે રૌદ્ર સ્વરૂપ હતું. ઠીક ત્યારે પ્રકૃતિ જે ઇશ્વરીય સંકલ્પનું મૂર્ત સ્વરૂપ છે, તેમાં પણ સૌમ્ય (શાન્ત) અને રૌદ્ર એમ બે સ્વરૂપો છે. જળ એ પ્રાણીઓનાં પાલન-પોષણ માટેનું અગત્યનું તત્વ છે. એ જીવન માટે આવશ્યક અને તંદુરસ્તી બક્ષનાર છે અને એ સાથે મૃત્યુ - લાવનાર ઘાતક પણ નિવડે છે.

**સાધક** : ફરીવાર વધુ દ્રષ્ટાંતોની યાચના કરું છું તો ક્ષમા કરશોજી.

**સાઈ** : પ્રાણી માત્ર અન્નને કારણે અસ્તિત્વ ધરાવે છે. શાસ્ત્રોના કહ્યાં પ્રમાણે અન્ન ત્રણ પ્રકારનું હોય છે. સાત્વિક (શાંતિ અને સુસંવાદિતા લાવનાર) રાજસિક (આવેગો, ઉર્મીઓ, પ્રવૃત્તિઓ અને સાહસોને વિકસાવનાર) અને તામસિક (આળસ અને પ્રમાદ લાવનાર). વ્યક્તિએ વિવેક રાખીને પોતાના ખોરાક પસંદ કરવો જોઈએ. અને એનું ગ્રહણ પણ અંકુશિત અને મર્યાદિતરૂપમાં કરવું જોઇએ. ત્યારે ખોરાક જ આરોગ્યપ્રદ ઔષધ બની જશે. બીજી બાજુ જો મર્યાદાની બહાર વિવેકહીન થઈને ખોરાક આરોગવામાં આવે તો માંદગી લાવે છે અને દુઃખ અને શોકનું કારણ બને છે. ત્યારે એ ભયજનક ભાગ ભજવે છે.

વેદોમાં આજ હકીકતને "અન્ન" શબ્દની ઉંડી જાંચ કરીને સ્પષ્ટ કરવામાં આવી છે. અન્ન શબ્દની મૂળ ધાતુ “અદ્" છે જેનો અર્થ થાય છે "ખાવું" એટલે કે એ વસ્તુ કે જેને જીવિત પ્રાણીઓ દ્વારા આરોગવામાં આવે છે અને તે સાથે એ જે વ્યક્તિ એને આરોગે છે તેને ખાય છે, એટલે અન્ન બંન્ને છે, લાભકારી છે અને નુકસાનકાર પણ છે. અથર્વ અને આંગિરસ ઋષિઓ જેમણે આ વેદના મંત્રો આર્ષદ્રષ્ટિથી રચ્યા, તેમણે પરમેશ્વર અને સૃષ્ટિ એ બન્નેનું બેવડું સ્વરૂપ સ્વીકાર્યું છે. તેઓ અનુભવ કરનારની પાત્રતા પ્રમાણે સૌમ્ય અને રૂદ્ર જણાય છે. પરંતુ ઉંડા અર્થમાં અને એની સમગ્ર અસર જોતા કહી શકીએ કે આ મંત્રો "આત્મા સાક્ષાત્કાર" માટે છે અને માનવજાતની શાન્તિ અને સમૃદ્ધિમાં વધારો કરે છે.